આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકોના શૈક્ષણિક વિકાસ માટે RTE Act –2009 ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૨૨૦૨૪/સિ.ફા.-૧૧/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૦/૧૨/૨૦૨૪

વંચાણે લીધાં:

(૧) SCA નં. ૯૧૩૪/૨૦૦૫ અંતર્ગત નામ. હાઇકોર્ટનો તા.૦૬/03/૨૦૨૪નો ઓરલ ઓર્ડર
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/ASC/ Court Case/17/2023/2728
(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.30/૦૯/૨૦૨૪નો સુધારા ઠરાવ ક્રમાંક:SJED/ASC/ Court Case/17/2023/2728
(4) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬/૦૯/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: TDD/FDD/e-file/25/2024/0746/GH Section
(5) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તારીખ:૧૩/૦૯/૨૦૨૪ની સિંગલ ફાઇલ ક્રમાંક:પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૪/૨૬ થી કરેલ દરખાસ્ત

પ્રસ્તાવના :-

ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામ. હાઇકોર્ટ સમક્ષ SCA(Special Civil Application)-9134/2005 દાખલ કરવામાં આવેલ છે. સદર કેસને જાહેર હિતની અરજીમાં પરિવર્તિત કરવામાં આવેલ છે અને આશ્રમશાળા યોજનાને કાયદાકીય સ્વરૂપ આપવા અને આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના RTE Act –2009 ના મૂળભૂત હેતુઓ સિધ્ધ થઇ શકે તે હેતુસર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા નામ.હાઇકોર્ટ દ્વારા વંચાણે લીધા ક્રમાંક:-(૧) ના તા.૦૬-03-૨૦૨૪ ના ઓરલ ઓર્ડરથી નિર્દેશ આપવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યની આશ્રમશાળાઓની હાલની વ્યવસ્થાનો અભ્યાસ કરવા રચવામાં આવેલ સમિતિની ભલામણો અનુસાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૨), (3) અને (૪) મુજબના

ઠરાવોથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓની શૈક્ષણિક કામગીરી શિક્ષણ વિભાગ હેઠળ મુકવા ઠરાવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં હાલ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોના શૈક્ષણિક વિકાસ માટે RTE ACT-2009ના અમલીકરણના ભાગરૂપે બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય તે અર્થે નીચેની બાબતો આશ્રમશાળાઓમાં લાગુ કરવા અંગેની વંચાણે લીધા ક્રમાંક:(૫) મુજબના તારીખ:૧૩-૦૯-૨૦૨૪ની સિંગલ ફાઇલથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ વિભાગને કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં હાલ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોના શૈક્ષણિક વિકાસ માટે RTE ACT-2009ના અમલીકરણના ભાગરૂપે બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય તે અર્થે નીચેની બાબતો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં લાગુ કરવા આથી ઠરાવવામાં આવે છે.

- આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના શૈક્ષણિક હિત માટે શૈક્ષણિક નિરીક્ષણની કાર્યવાહી શિક્ષણ વિભાગ હસ્તકના જિલ્લા કક્ષાએ કાર્યરત સંબંધિત TPEO/EI/AEI/BRC/URC/CRC દ્વારા કરવાની રહેશે. આ માટે આશ્રમ શાળાઓમાં તેઓ મુલાકાત લઇ શકશે અને તે માટે આશ્રમ શાળાઓએ સહકાર આપવાનો રહેશે અને આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે. આ બાબતે સબંધિત વિભાગોએ પોતાના વિભાગ હેઠળની આશ્રમ શાળાઓને સુચના આપવાની રહેશે.
- સરકારી પ્રાથમિક શાળાઓની જેમ આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના સત્રાંત મુલ્યાંકન કસોટી (SAT) તથા સામાયિક મુલ્યાંકન કસોટી (PAT) નિયમિત રીતે લેવાય, યોગ્ય રીતે ચકાસણી થાય અને BRC/ URC/CRC મારફતે તેનું મોનિટરીંગ કરી યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન આપવાનું રહેશે.
- સામાયિક મુલ્યાંકન કસોટી (PAT) ના પરિણામની ડેટા એન્ટ્રી કરવામાં આવે અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET-District Institute of Education and Training) ખાતે તૈયાર કરવામાં આવેલ જિલ્લા વિદ્યા સમિક્ષા કેન્દ્રમાં આશ્રમશાળાના બાળકોને ધોરણવાર વિષયવાર અધ્યયન નિષ્પત્તિના પરિણામોનું વિશ્લેષણ કરવાનું રહેશે.

- નબળી અધ્યયન નિષ્પત્તિ શોધી તેના પર ઉપચારાત્મક કાર્ય કરવા માટે સંબંધિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET-District Institute of Education and Training) મારફતે આશ્રમશાળાના શિક્ષકોને જરૂરી તાલીમ આપવાની રહેશે.
- GSQAC મારફતે તમામ આશ્રમશાળાઓનું ગુણોત્સવ 2.0 ના ફ્રેમવર્ક મુજબ મુલ્યાંકન કરી રીપોર્ટ કાર્ડ તૈયાર કરવાના રહેશે.
- રીપોર્ટ કાર્ડનું BRC/URC/CRC દ્વારા આશ્રમશાળાના શિક્ષકો અને સંચાલક મંડળ સાથે બેઠક કરી વિદ્યાર્થીઓને શૈક્ષણિક બાબતોમાં કેવી રીતે આગળ વધારી શકાય તેનો Action Plan તૈયાર કરવાનો રહેશે.
- આશ્રમશાળાના તમામ વિદ્યાર્થીઓની અને શિક્ષકોની વિદ્યા સમિક્ષા કેન્દ્રના ઓનલાઇન પોર્ટલ પર ફરજિયાત રીતે હાજરી પુરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- સમગ્ર શિક્ષા દ્વારા ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલ અધ્યયન સામગ્રી તમામ આશ્રમશાળાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવે અને તેના ઉપયોગની તાલીમ આપવાની રહેશે.
- તમામ પ્રકારની શૈક્ષણિક તાલીમ કાર્યક્રમોમાં આશ્રમશાળાના શિક્ષકોનો સમાવેશ કરવાનું નક્કી કરવાનું રહેશે.
- તમામ આશ્રમ શાળાઓમાં RTE અધિનિયમની કલમ-૨૧ ની જોગવાઇ અનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની રહેશે. સમગ્ર શિક્ષા કચેરીની સુચના અનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિએ કામ કરવાનું રહેશે અને સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા તેના ધારા-ધોરણો અનુસાર કોઇ ગ્રાન્ટ આપવામાં આવે તો તેનો સમગ્ર શિક્ષા કચેરીની સુચના અનુસાર ખર્ચ કરવાનો રહેશે.
- તમામ આશ્રમ શાળાઓમાં RTE એક્ટ-૨૦૦૯ ની કલમ-૨૨ ની જોગવાઇ અનુસાર શાળા વિકાસ યોજના તૈયાર કરવાની રહેશે. સમગ્ર શિક્ષા કચેરીની સુચના અનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિએ કામ કરવાનું રહેશે.
- આશ્રમશાળાઓમાં હાલ કાર્યરત શિક્ષકોને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET-District Institute of Education and Training) મારફતે ખાસ તાલીમનું આયોજન કરી શૈક્ષણિક બાબતો અંગે તાલીમબધ્ધ કરવાના રહેશે.
- રાજ્ય સરકાર દ્વારા RTE રૂલ્સ-૨૦૧૨ ના નિયમ-૨૩ની જોગવાઇ અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT)ને એકેડમિક ઓથોરીટી જાહેર કરેલ છે તેની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.
- બાળકોના શૈક્ષણિક વિકાસ માટે જરૂરી આનુષંગિક ભૌતિક અને ડિઝિટલ સુવિધાઓ સબંધિત વિભાગે પુરી પાડવાની રહેશે.

➢ આશ્રમશાળાના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે આશ્રમશાળા જે જિલ્લામાં આવેલી હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય દ્વારા આપવામાં આવનાર સુચનાઓનું અમલીકરણ કરવાની દરેક આશ્રમ શાળાની જવાબદારી રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ નં.૪૦૩૭ પર સરકારશ્રીની તારીખ:૧૦-૧૨-૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આશિષ ચૌધરી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ), માન.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ), માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડાભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT), સેક્ટર-૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક-૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક-૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- નાયબ સચિવશ્રી, માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- ઉપસચિવશ્રી(પ્રા.શિ.-૨) , શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય તમામ